# પરીવર્તનનો પયગંબર એ જ આચાર્ય નહિતર લાચાર્ય.................................

તાજેતર માં શિક્ષણ જગતમાં ગુજરાતમાં ફાજલ શિક્ષકો ની સમસ્યા ખૂબ જ વકરી છે. આ માટે ઘણા પરિબળો જવાબદાર છે જે બાબત માટે ખરેખર તો બી.એ. ના અભ્યાસ દરમિયાન ઉપરની ઉકિત યાદ આવે છે.બદલાવએ પ્રકૃતિ નો અફર નિયમ છે.આ વાત આજે કેટલાક આચાર્ય મિત્રો સમજતા નથી.શાળાકીય વ્યવસ્થાપનની અંદર આચાર્યનું સ્થાન ખૂબજ મોખરા નું છે.આચાર્યો પોતે સંચાલકોની સાથે રહીને ઘણા નિર્ણયો એવા લેતા હોય છે કે જેનાથી સમગ્ર સંકુલને નુકસાન જતું હોય છે જેમાં વર્ગવધારાની માંગણી, ફાજલ શિક્ષકોના વર્કલોડ,શાળાકીય સંકૂલ ની ભૌતિક સુવિધાના નિર્ણયો,ભરતી અંગેના નિર્ણયો,સ્ટાફ સાથેની સંકલનની ભૂમિકા વગેરેમાં આચાર્યો પોતાની નિષ્ઠા નેવે મૂકી ને મનસ્વી નિર્ણયો લેતા હોય છે. આવું શા માટે? આચાર્યો સામે નીચે ની ફરિયાદો નું વર્ગીકરણ કરી ને આ સમગ્ર લેખ ને આગળ આપના માટે વિચારવા માટે મુકિશ.........

1 મોટાભાગની શાળા માં આચાર્યો વર્ગવધારો માંગતા નથી ?

2 આચાર્યો પોતે મુખ્ય વિષયમાં પારંગત હોવા છતાં ગૌણ વિષયો જ લે છે?

3 શિક્ષકોની દૈનિક ડાયરી નિરીક્ષણ કરતાં નથી?

4 પોતાની પર્સનાલિટીને સમય ની માંગ સાથે બદલતા નથી જેમકે ટેકનોલોજિ આવતા  મલ્ટીમીડિયા વર્ગખંડનું નિર્માણ કરવું, કમ્પ્યુટર શિક્ષકને પ્રોત્સાહન આપીને તેમને નવા સર્જનાત્મક પીપીટી સ્ટુડન્ટ માટે બનાવા પણ અહી તેવો કમ્પ્યુટર ટીચરને તું કંઈ નથી તેવું અપમાન કરીને માત્ર ઓનપેપર જ રાખે છે અને ઘણી શાળા માં તો આચાર્યો પોતે કમ્પ્યુટરના લેબ.ની ચાવી પણ કોઈ ને આપતા નથી.

5 શાળા પરિવારની નિયમિત મીટિંગ બોલાવીને શાળા સંકૂલના પ્રશ્નોનું નિરાકરણ લાવવું જોઈએ.સંચાલકોના એકજ ફોને થી દોડી ને જતાં આચાર્યો શું શિક્ષકો ને સામેથી ના પૂછી શકે કે ભાઈ શું સમસ્યા છે તમને? કેમ આપણાં સંકૂલ નું પરિણામ ઓછું આવે છે?

6 શાળાકીય સહ અભ્યાસિક પ્રવૃતિઓ માત્ર એ પેપર ઉપર જ રહે છે? સ્કૂલ મેટ્રિક્સ ગ્રીડ અનુસાર કોઈ કામ થતું નથી આવું કેમ?

7 આચાર્યને સરકારે ખૂબ જ સત્તા અને અધિકારો આપ્યા છે અને એટલેજ આચાર્યે ને અડધા ટીચરમાં ગણાય છે.કેમ કે તેઓએ ઘણા વહ્વટી કામ પણ કરવાના હોય છે તે હું સમજુ છું પણ અહી કહેવાનો મારો એટલો જ આશય છે કે બી.એ અને એમ.એ.,માં એક ખૂબ જ સરસ પેપર આવતું અને આજે પણ આવે છે કે શિક્ષણ ની વિસ્તરતી ક્ષિતિજો અને એક ટોપિક પણ આવતો કે 'આચાર્યો એ પરિવર્તનના પયગંબર છે આ વિધાન સમજાવો' મિત્રો તમે જ વિચારો કે આચાર્યો ની જવાબદારી કેટલી મોટી હશે કે તેમને મસીહા પયગંબર સાથે સરખાવ્યા છે.જો આચાર્યો આ પરીવર્તન નહીં કરે તો તેવોની લાચાર્યો બની જશે. કેમ કે જવાબદારી ના નિભાવતા માણસ ને એક વખત લાચાર બનવું જ પડે છે. આ સમગ્ર લેખ કેટલાક આચાર્યાં મિત્રો એવા પણ છે જેવો એ પોતાના જ્ઞાન અને જવાબદારી નિભાવી ને શાળા ને ખરા અર્થ માં સરસ્વતી નું મંદિર બનાવ્યું છે અને આજે પણ તેવો એ સમય ની સાથે પોતાની જાત ને ચેન્જ કરી છે અને સંચાલકો ની સામે પણ ખોટી રીતે ઝુકયા નથી.

## સમાપન

મિત્રો આચાર્યો વીશેનો આ લેખ વાંચતી વખતે એક વાત હમેંશા યાદ રાખો કે કોઈ પણ લેખક જ્યારે લખે છે ત્યારે અમુક માણસો

ને હાંસિયામાં રાખે છે માટે આ વાત બધા આચાર્યો ને લાગુ પણ પડતી નથી આ તો તાજેતર માં ફાજલ ની સમસ્યા બાબતે આ વાત મગજ માં આવી અને લખી નાખી.**આ લેખ વીશેના આપના મંતવ્યો મારા ઈ-મેઈલમાં અથવા આ બ્લોગ માં આપવા આવકાર્ય છે.**

**નિલેશ એચ. જોશી**

**Nileshjoshi119@gmail.com**

**Mobile no 9925859125**

**At-LALPUR DIST-JAMNAGAR**